# ૧૦ થી ૧૨ જૂન સુધી ધરોઈનું પાણી નહિ મળે

## પાલનપુર શહેરમાં ૩ દિવસ પાણી પુરવઠો બંધ રહેશે : ધરોઈ આધારિત પાણી પુરવઠા યોજનામાં વાવ હેડ વર્ક્સ ખાતેની કામગીરીને લઈને પાણી પુરવઠો બંધ રહેશે

પાલનપુર શહેરને ધરોઈ આધારિત જૂથ યોજના તળે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. જોકે, ભર ઉનાળે પાણી ની પારાયણ વચ્ચે યાંત્રિક કામગીરીને લઈને આગામી ૧૦ થી ૧૨ જૂન દરમિયાન ધરોઈનું પાણી પાલનપુર શહેરને પૂરું પાડવામાં નહિ આવે જેથી વૈકલ્પિક વ્યવસ્થા કરવાની તાકીદ પાલનપુર નગરપાલિકાને પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવી છે. પાલનપુર શહેરને ધરોઈ આધારિત જૂથ યોજનામાંથી પાણી પૂરું પાડવામાં આવે છે. જે પાણી શહેરના જુદા જુદા ૭ સમ્પમાં નાખી પાલનપુરવાસીઓને પૂરું પાડવામાં આવે છે. જોકે, ગુજરાત પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાલનપુર નગરપાલિકાને પત્ર લખી તાકીદ કરાઈ છે. જેમાં ધરોઈ ડેમ આધારિત પાણી પુરવઠા યોજનામાં વાવ હેડ વર્કસ ખાતે પમ્પિંગ મશીનરીના સંલગ્ન કામગીરી યાંત્રિક વિભાગ મહેસાણા દ્વારા કરવાની હોઈ આગામી તા.૧૦ થી ૧૨ જૂન સુધી ધરોઈ ડેમ ખાતેથી પાણી પુરવઠો બંધ રાખવામાં આવનાર છે. જેથી આ ૩ દિવસ માટે પાલનપુર શહેર ને આપતો ધરોઈનો પાણી પુરવઠો બંધ રહેશે. જેથી વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે પાલનપુર નગરપાલિકાને ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના જાહેર આરોગ્ય અને સુખાકારી પેટા વિભાગ, પાલનપુરના નાયબ કાર્યપાલક ઈજનેરે લેખિતમાં તાકીદ કરી છે.

આમ, પાલનપુર શહેરને જરૂર કરતાં ધરોઈનો પાણી પુરવઠો ૪૦ થી ૫૦ ટકા ઓછો મળતો હતો. જેના કારણે પાલિકા દ્વારા બોર થી પાણી પૂરું પડવાની ફરજ પડતી હતી. ત્યારે હવે ૩ દિવસ પાણી પુરવઠો બંધ રહેતા પાલનપુર નગરપાલિકાને હવે લોકોને ૪૫ બોર પરથી પાણી પૂરું પાડવું પડશે.

### પાલનપુરમાં ૪૫ બોર અને ૭ સંપ આવેલા છે

પાલનપુર શહેરના ૧ થી ૧૧ વોર્ડમાં પાલિકાના કુલ ૪૫ બોર આવેલા છે. તેમજ ૭ સંપ છે. જેથી ધરોઈથી આવતુ પાણી સંપમાં ઠાલવવામાં આવે છે. અને ત્યારબાદ શહેરને પાણી પુરવઠો પુરો પાડવામાં આવે છે. જે સમયે ધરોઈથી પાણી ન આવે કે ઓછુ આવે તેવા સમયમાં બોર મારફત પાણી પુરૂ પાડવામાં આવે છે. ત્યારે ધરોઈનું પાણી ૩ દિવસ બંધ રહેતા પાલનપુર નગરપાલિકાને બોર મારફતે લોકોને પાણી પૂરું પાડવા સહિતની વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડશે. જોકે, પાલનપુર શહેરને ૧.૬૦ કરોડ લિટર જેટલી પાણીની જરૂરીયાત સામે ૪૦ થી ૫૦ ટકા પાણી ઓછું અપાતું હતું. એમાંય વળી ૩ દિવસ પાણી બંધ રહેતા પાલિકા માટે લોકોને પાણી પૂરું પાડવું પડકારરૂપ બની રહેશે.

# રાજ્યમાં કોરોનાની બીજી લહેર અસ્તના આરે, ૭૭૮ નવા કેસ

## રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧ વ્યક્તિના મોત : અત્યાર સુધીમાં કુલ ૭૯૦૯૦૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૫૧૧૯૨ વ્યક્તિને કોરોના વેક્સિન અપાઈ

અમદાવાદ, તા. ૭

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૭૭૮ કેસ નોંધાયા છે. જેની સામે ૨,૬૧૩ દર્દીઓ સાજા થયા છે. કોરોનાથી સાજા થનાર દર્દીઓની સંખ્યામાં સતત વધારો યથાવત્ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે ૧૧ દર્દીના મોત થયા છે. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૯૯૪૪ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૬.૮૦ ટકા છે. રાજ્યમાં આજે

રાજ્યમાં આજે અમદાવાદમાં ૧૧૩ કેસ નોંધાયા છે જ્યારે અમદાવાદમાં ૩૦૬ દર્દી સાજા થયા છે, જ્યારે ૩૩૬૮૦ વ્યક્તિનું રસીકરણ થયું છે. વડોદરામાં ૧૩૧ કેસ નોંધાયા છે જ્યારે ૪૭૧ દર્દી સાજા થયા છે અને ૧૦,૩૧૬ દર્દીઓનું રસીકરણ થયું છે. જ્યારે સુરત શહેરમાં ૭૬ દર્દી નવા નોંધાયા છે જ્યારે ૨૩૧૬૧ દર્દીનું રસીકરણ થયું છે. આમ રાજ્યમાં કોરોનાના વળતા પાણી થયા છે. રાજ્યમાં કોરોનાની બીજી લહેરમાં બે જિલ્લામાં ૦ કેસ નોંધાયા છે. જ્યારે વડોદરામાં જિલ્લામાં ૫૦, જૂનાગઢ જિલ્લામાં ૪૨, સુરત જિલ્લામાં ૩૯, ભરૂચમાં ૨૭ કેસ નોંધાયા છે. રાજકોટ જિલ્લામાં ૨૪, આણંદમાં ૧૯, પંચમહાલમાં ૧૭, ભાવનગર શહેરમાં ૧૫, જામનગર શહેરમાં ૧૫, મહેસાણામાં ૧૫, નવસારીમાં ૧૨, વલસાડ ૧૨, ખેડામાં ૧૧, બનાસકાંઠામાં ૧૦ કેસ નોંધાયા છે. જ્યારે અન્ય જિલ્લામાં ૦-૯ કેસ નોંધાયા છે. રાજ્યમાં હાલમાં કોરોનાના કુલ ૧૬૧૬૨ કેસ નોંધાયા છે. જ્યારે વેન્ટીલેટર પર ૩૬૩ કેસ નોંધાયા છે. જ્યારે આજે કુલ ૧૫૭૯૯ દર્દીઓ સ્ટેબલ છે. અત્યારસુધીમાં કલુ ૭,૯૦,૯૦૬ દર્દી કોરોનાથી સાજા થાય છે. રાજ્યમાં અત્યારસુધીમાં કુલ ૧,૮૬,૫૫,૮૪૬ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે જ્યારે તેમાં ૨૬,૬૨,૩૫૩ યુવાનોનો સમાવેશ થાય છે.

# આકરૂન્દ હાઈસ્કુલના ઉ.મા. વિભાગમાં ૩ શિક્ષકોની નવી નિયુક્તિ, સ્ટાફમાં નવા સભ્યોના આગમનથી ઉત્સાહ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ ઉ.મા. શાળાઓમાં ખાલી જગ્યાઓ ઉપર શિક્ષકો (શિક્ષણ સહાયકો)ની જિલ્લા સ્થળ પસંદગી પછી તા.૭ જૂન સોમવારે નવા શૈક્ષણિક સત્રના આરંભ સાથે શાળાઓમાં હાજર થયા છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલના ઉ.મા. વિભાગમાં ૩ શિક્ષકો નિયુક્ત થતાં આકરૂન્દ કેળવણી મંડળ દ્વારા તેમનું આવકાર સન્માનની સાથે તેમની શિક્ષક તરીકેની કારકીર્દી યશસ્વી બની રહે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.



રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની અછત દૂર કરવા રાજ્યના શિક્ષણ વિભાગ અને કમિશનર શાળાઓની કચેરી દ્વારા ભરતી પ્રક્રીયા ગત વર્ષથી શરૂ કરવામાં આવી હતી. કોરોનાના કારણે ભરતીમાં વિલંબ પછી તા.૧ જૂનના રોજ રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે નવનિયુક્ત શિક્ષકોને નિમણૂંક ઓર્ડરો આપવામાં આવ્યા હતા. અરવલ્લી જિલ્લાની ઉ.મા. શાળાઓમાં શિક્ષકોની નિયુક્તિ પછી તા.૭ જૂનના રોજ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો ત્યારે જે શાળાઓમાં શિક્ષકોની નિયુક્તિ થઈ છે તે શાળાના સંચાલક મંડળને નિયુક્તિ માટેનો ભલામણ પત્ર આપવામાં આવ્યો હતો તે મુજબ આકરૂન્દ હાઈસ્કુલના ઉ.મા. વિભાગમાં જલ્પાબેન જશવંતલાલ ગોહેલ (એમ.કોમ, બી.એડ્.), તૌસિફ અલ્લારખા શેખ (એમ.કોમ, એમ.એડ્.એમ. ફીલ) અને શૈલેષ પરભાભાઈ પરમાર (એમ.એ.,બી.એડ્.)ની નિયુક્તિ થતાં તેઓ હાજર થયા હતા ત્યારબાદ આકરૂન્દ કેળવણી મંડળના પ્રમુખ પ્રવિણ એમ. પટેલ, ઉપપ્રમુખ નરસિંહદાસ પટેલ, મંત્રી હસમુખભાઈ પટેલ, સહમંત્રી દિનેશભાઈ પટેલ, કોષાધ્યક્ષ બિપીનભાઈ પી. પટેલ, આંતરીક ઓડીટર મનુભાઈ બ્રહ્મભટ્ટ, આચાર્ય જે.ડી.ભાટી, શિક્ષણ કો.ઓર્ડીનેટર પંકજભાઈ કટારા, પ્રા.વિભાગના આચાર્ય ગીતાબેન પટેલ, શિક્ષણ કો.ઓર્ડીનેટર તુષારભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં ત્રણેય નવનિયુક્ત શિક્ષકોને આવકારી સન્માન કરવાની સાથે ૬૫ વર્ષ જૂની શૈક્ષણિક સંસ્થાની શૈક્ષણિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિથી વાકેફ કરવામાં આવ્યા હતા. આકરૂન્દ કેળવણી મંડળના પૂર્વ મંત્રી ઈશ્વરભાઈ જી. પટેલ, રમણભાઈ એમ. પટેલ, કારોબારી સભ્ય પરસોત્તમદાસ પટેલ, ભરતભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ (પત્રકાર), વિનોદભાઈ શાહ અને સ્ટાફ હાજર રહ્યા હતા.



# બનાસકાંઠામાં કોરોના અંત ભણી: માત્ર ૧૫ કેસ નોંધાયા

## પાલનપુરમાં ૦૫, દાંતીવાડા ૦૨, ધાનેરા ૦૪, દાંતા ૦૧, લાખણી ૦૧ અને થરાદમાં ૦૨ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં આજે સુડતાલીસમાં દિવસે કોરોના તેના અંત ભણી આગળ વધતા માત્ર ૧૫ કેસ નોંધાયા હોવાની સાથે ૬૦ લોકો સાજા થયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં બેકાબૂ બનેલો કોરોના આજે સુડતાલીસમાં દિવસે તેના અંત ભણી આગળ વધતા માત્ર ૧૫ કેસ નોંધાયા હતા. જેમાં કોરોનાનું હોટસ્પોટ બનેલા જિલ્લા મથક પાલનપુરમાં ૦૫ કેસ નોંધાયા હતા. જ્યારે દાંતીવાડા ૦૨, લાખણી ૦૧, ધાનેરા ૦૪, દાંતા ૦૧ અને થરાદમાં ૦૨ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લામાં આજે ૦૦ નું મોત અને ૬૦ લોકો સ્વસ્થ થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં વિસ્ફોટક બેટિંગ કરતા કોરોનાની રફતાર આજે સુડતાલીસમાં દિવસે પણ ધીમી રહી હતી. આમ, સરકારી નિયંત્રણો વચ્ચે છેલ્લા ૨૧ દિવસથી ધીમે ધીમે કોરોના સંક્રમણ તેના અંત તરફ આગળ વધી રહ્યું છે.

# અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસો.)ના નવા હોદ્દેદારોની વરણી

ગુજરાત અને દેશની અનેક લોકપ્રિય બ્રાન્ડ કંપનીઓને બ્રાન્ડીંગ, વિજ્ઞાપન સંલગ્ન સેવાઓ પૂરી પાડતી એડવર્ટાઈઝીંગ એજન્સીઓના જાણીતા સંગઠન અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસિએશન (એએસીએ)ના નવા હોદ્દેદારોની નિમણૂંક વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ માટે કરવામાં આવી છે.

એએસીએની પ્રાથમિકતા એડ એજન્સીઝમાં હેલ્ધી કોમ્પિટિશન જળવાય, મિડીયા ઉપરાંત એડવર્ટાઈઝર સાથે સંચાલન સરળ બને તે છે. તદ્ઉપરાંત એએસીએ દ્વારા એજ્યુકેશનલ સેમિનાર, લર્નિંગ વર્કશોપ, ગેટ ટુ ગેધર, સ્પોર્ટસ ઈવેન્ટસ, બ્લડ ડોનેશન કેમ્પ જેવા અનેક સમાજલક્ષી આયોજનો રેગ્યુલર રીતે એડવર્ટાઈઝીંગ-મિડીયા વર્તુળ માટે કરવામાં આવે છે. પ્રમુખ મનીષ પી. ગાંધી (પી. ગૌતમ એન્ડ કું.), સેક્રેટરી પ્રદિપ એસ. મહેતા (વૃષ્ટિ કોમ્યુનીકેશન), ઉપપ્રમુખ પીનલ એ. શાહ (શાર્પ મીડિયા સર્વિસીસ), ઉપપ્રમુખ સમીર એન. શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), ખજાનચી હિરેન એમ. શાહ) (હિરેન એડવર્ટાઈઝીંગ), જો. સેક્રેટરી ભદ્રેશ બી. ગાંધી (રાકેશ એડવર્ટાઈઝઈંગ)ની વરણી કરાઈ છે.



કારોબારીમાં અજીતભાઈ આર. શાહ (અજીત એડ્સ), સંદિપભાઈ એન. શાહ (અમોલા એડવર્ટાઈઝીંગ), રાજેન્દ્રભાઈ સોની (પૂર્ણિમા એડ્સ), પ્રશાંત પી. નારેચાણીઆ (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), જગત બી. ગાંધી (દિપ્તી એડ્સ), હર્ષદભાઈ જે. શાસ્ત્રી (યુનાઈટેડ પબ્લિસીટી), કેતન એસ. દેસાઈ (આસ્થા માર્કેટીંગ), જીગ્નેશ જે. ગાંધી (શ્રી ગિરીરાજ એડવર્ટાઈઝીંગ), હાર્દિક એ. શાહ (અરવીન એન્ડ કુ.)ની વરણી કરાઈ છે.



**પાલનપુરની ૨૭ સેન્ટરો પર ધો-૩ થી ૮ના પુસ્તકો પહોંચાડવામાં આવ્યા**

પાલનપુર જામપુરા પ્રાથમિક શાળા ખાતેથી સરકારી શાળાઓમાં ધોરણ-૩ થી ૮ના પુસ્તકો પહોંચાડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કોરોનાની મહામારીના પગલે સરકાર દ્વારા ધો-૧ થી ૧૨ સુધીના તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવામાં આવ્યુ છે. જેથી આગામી નવા સત્રને ધ્યાને લઈ ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા સરકારી શાળાઓ માં અભ્યાસ કરતા બાળકોને વિનામુલ્યે પુસ્તકો આપવા માટે પાલનપુરની જામપુરા પ્રાથમિક શાળા ખાતેથી પુસ્તરો રાખવામાં આવ્યા છે. જેથી પાલનપુર જામપુર પ્રાથમિક શાળા ખાતેથી પાલનપુર તાલુકાની ૨૭ સેન્ટરો પર પુસ્તકો પહોંચાલવામાં આવી રહ્યા છે.

### તલોદના વાવ ગામના સીમાડામાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાં

# ડૂબી ગયેલા યુવાનનો મૃતદેહ ફાયર બ્રિગેડની ટીમ દ્વારા બહાર કઢાયો

તલોદ તા.૦૭

સાબરકાંઠા જિલ્લાના તલોદના વાવ ગામની સીમાડામાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલમાં આજે સવારે ઘરેથી ખેત મજૂરી ના કામે નીકળેલા વાવ ગામના એક ૩૮ વર્ષીય યુવાન દશરથભાઈ રામાભાઈ નાડીયા અગમ્ય કારણોસર સ્લીપ ખાઈ જતા સુજલામ સુફલામ કેનાલમાં ડૂબી ગયા હતો કેનાલમાં યુવાન ડૂબી જવાની ઘટના અંગે ની વાત લોકોમાં વાયુવેગે પ્રસરી જતાં ઘટના સ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને સ્થાનિકો દ્વારા હિંમતનગરની ફાયર બ્રિગેડની ટીમ ની જાણ કરવામાં આવી હતી ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને સ્થાનિકોની મદદ લઈ કેનાલમાં ડૂબી ગયેલા યુવાનને બચાવની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

હિંમતનગરના ફાયર બ્રિગેડની ટીમ ના ઈન્સ્પેક્ટર પ્રતાપ સિંહ દેવડા સહિત તેમની ટીમ દ્વારા ગણતરીની મિનિટોમાં જ સુજલામ સુફલામ કેનાલમાં ડૂબી ગયેલા ૩૮ વર્ષીય યુવાનના મૃતદેહને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યો હતો તેમજ સદર ઘટના અંગે યુવાનના મૃતદેહને પીએમ અર્થે તલોદ સિવિલ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો.

### ઇડરના મોટા કોટડા ગામની બાર વર્ષના દીકરાની મા


# મુખ્ય સૂત્રધાર સાથે લીવ ઈન રિલેશનશિપમાં રહી ૫૩.૮૦ લાખની નકલી નોટો છાપી

## ૫૩.૮૦ લાખના નકલી નોટોના પ્રકરણમાં માણસા પોલીસ દ્વારા ઇડરની મહિલાને ઝડપી લેવામાં આવી છે

બાયડ, હિંમતનગર તા.૭

ગાંધીનગર જિલ્લાના માણસા પોલીસ મથકના ઈન્સ્પેક્ટર જતીન પ્રજાપતિ તેમજ સબ ઈન્સ્પેક્ટર એચ.કે. શ્રીમાળી સહિતના સ્ટાફ દ્વારા ગ્રામભારતી નાકાબંધી કરીને સરગાસણ ના સહજાનંદ સ્ટેટસ ફ્લેટમાં રહેતા સંતોષ રાવળ ને રૂપિયા ૩૦ લાખના નકલી નોટોના જથ્થા સાથે આબાદ રીતે ઝડપી પાડવામાં આવ્યો હતો.

જેમાં સંતોષ રાવળે ઈલેક્ટ્રોનિક સાધનોની મદદથી ઘરે જ નકલી નોટો છાપી હોવાનું



બહાર આવ્યું હતું જેમાં પોલીસે તેના ઘરે દરોડો પાડી રૂપિયા વધુ ૨૩.૮૦ લાખની નકલી નોટોનો જથ્થો કબ્જે કર્યો હતો ૫૩.૮૦ લાખના નકલી નોટ પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર આરોપી ની કડકાઈથી પૂછપરછ કરવામાં આવતા નકલી નોટોના રેકેટમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર ના મોટા કોટડા ગામની અને સરગાસણ માં રહેતી તેની પ્રેમિકા ની ભૂમિકા પણ બહાર આવી હતી જેમાં માણસા પોલીસે મુખ્ય સુત્રધારની સાબરકાંઠાના ઈડર તાલુકાના મોટા કોટડા ગામની પ્રેમિકા ની ધરપકડ કરી છે.

# ગજબની છેતરપીંડી : અરવલ્લી એલ.સી.બી.એ કોરોના મહામારીમાં મદદ માટે કીટ વિતરણના નામે છેતરપીંડી

## ૪ મીલ માલિકો સાથે ૯.૩૯ લાખની છેતરપીંડી કરતા હિંમતનગરના યુવાનની અટકાયત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૭

કોરોનાના કપરા કાળમાં અનેક પ્રકારની મદદ જરૂરીયાતમંદોને મળી ત્યારે હિંમતનગરના લાલપુરના જાવિદ કાદરભાઈ મેમણે ગરીબોને દાન કરવા કીટનું વિતરણ કરવાનું છે તેમ કહી મોડાસાની દર્શન રાઈસ મીલ સહિત ૪ મીલ માલિકો સાથે ઘઉં, ચણાદાળ, તુવર દાળ તથા ચોખાનો રૂા.૯,૩૯,૦૭૮ લાખનો જથ્થો લઈ જઈ છેતરપીંડી આચર્યાનું બહાર આવતાં અરવલ્લી એલ.સી.બી.ની ટીમે ગજબની છેતરપીંડી કરનાર કીમીયાગરને દબોચી લઈ તપાસ હાથ ધરી છે.

ગુજરાત સહિત ઉત્તર ગુજરાત કોરોનાની લહેરમાં કણસતું હતું. દર્દીઓ અને તેમના સગાઓ હોસ્પિટલમાં ગંભીર સ્થિતિમાં જોવા મળ્યા. જ્યારે અનેક ગરીબ પરિવારો રોજગાર વિહોણા બની જતાં બે ટંક



ભોજનના ફાંફા પડ્યા અને આ સમયે અનેક સેવાભાવિ સંસ્થાઓ અને દાતાઓએ ગરીબ પરિવારોને રાશન કીટ સહિત જરૂરી સાધન-સામગ્રી પહોંચાડી હતી. આવા સમયે કેટલાક લેભાગુઓ પણ ગરીબોને દાન કરવા કીટોનું વિતરણ કરવાના નામ ઉપર માનવતા નેવે મૂકી છેતરપીંડી ઉપર ઉતરી આવ્યા હતા. જેમાં મૂળ ઈડરનો અને હિંમતનગરના લાલપુરમાં રહેતા જાવિદ મેમણ અને તેના સાથીદારોએ અલગ અલગ મીલ માલિકોને છેતરીને ગરીબોને દાન કરવા કીટોનું વિતરણ કરવું છે તેમ કહી સામગ્રી લીધી હતી અને વેચાણ આપેલ માલના પૈસા ન મળતાં એક પછી એક ચારેય મીલ માલિકોને પોતાની સાથે છેતરપીંડી થઈ છે તેવું જણાતાં મામલો અરવલ્લી એલ.સી.બી. સમક્ષ આવ્યો હતો.

### ધો.૧૦-૧૨ની બોર્ડની પરીક્ષા રદ કર્યા બાદ

# ઉત્તર ગુજરાત યુનિવર્સીટી પરીક્ષાઓ રદ કરવા માંગ


## પાલનપુર ખાતે છાત્રોએ આવેદન પત્ર આપી માસ પ્રમોશનની કરી માંગ

કોરોનાના કહેર વચ્ચે ગુજરાત સરકાર દ્વારા છાત્રોના આરોગ્યને પ્રાધાન્ય આપતા ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાઓ રદ કરાઈ છે. ત્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સીટીની પણ સેમ.૬ ની યુ.જી. અને સેમ.૪ ની પી.જી.ની પરીક્ષા રદ કરવાની માંગ ઉઠી છે.

રાજ્યભરમાં કોરોનાની બીજી લહેર ઘાતક પુરવાર થઈ છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા ધો.૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય કરાયો હતો. જોકે, હજીપણ કોરોના સંક્રમણ વચ્ચે મ્યુકર માઈકોસીસના કેસ ચિંતાજનક હદે વધી રહ્યા છે. વળી, સંભવિત ત્રીજી લહેરમાં બાળકો પર સૌથી વધુ ખતરો હોવાની દહેશત વર્તાઈ રહી છે. ત્યારે ઉત્તર ગુજરાત યુનિવર્સીટી દ્વારા લેવાનારી ઓફલાઈન પરીક્ષા પણ રદ કરવાની માંગ ઉઠી છે.

કોરોનાના કહેર વચ્ચે હજી ૧૮ ને પૂરતું વેકસીનેશન થઈ શક્યું નથી. ત્યારે રસીકરણ વગર છાત્રો પરીક્ષા આપવા જશે તો સંક્રમણનો ભોગ બને તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. ત્યારે પાલનપુર ખાતે ઉત્તર ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન કોલેજના છાત્રોએ સેમિસ્ટર ૬ ની યુ.જી. અને સેમિસ્ટર ૪ ની પી.જી.ની.પરીક્ષા રદ કરી માસ પ્રમોશન આપવાની માંગ સાથે કલેકટર કચેરીએ આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

### દુઃખદ અવસાન



ધનસુરા તાલુકાના સરડી ગામના, ભરવાડ સમાજના આગેવાન શીભાભાઈ ભલાભાઈ ભરવાડનું દુઃખદ નિધન થયેલ છે.

### ધમધમતી થઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થઈ છે. કચેરીઓ બંધ રહેતા અથવા ઓછા સ્ટાફ સાથે ચાલુ રહેતા સરકારી કામકાજ પર અસર જોવા મળી હતી. ઘણા કામો અટકી પડ્યાં હતા. આખરે કચેરીઓ પુનઃ શરૂ થતા કચેરીઓમાં સ્ટાફની અવરજવર વધી હતી અને અટકેલા કામો પુનઃ શરૂ થયા હતા.

સરકારી કચેરીઓની સાથે જ ખાનગી કચેરીઓ અને બેંકોને સંપૂર્ણ ક્ષમતા સાથે ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો હતો. ખાનગી કચેરીઓમાં આજે સંપૂર્ણ સ્ટાફ હાજર રહ્યો હતો. સરકારી અને ખાનગી કચેરીઓ સંપૂર્ણ ક્ષમતા સાથે ચાલુ થતા માર્ગો પર વાહનોની અવરજવર વધી હતી. ઘણા દિવસોથી સુમસામ રહેલા માર્ગો વાહનોથી ધમધમતા બન્યા હતા. ઓફિસ શરૂ થવાના અને છુટવાના સમયે નગરના માર્ગો પર ટ્રાફિક જામ જેવી સ્થિતિ સર્જાઈ હતી. ઘણા દિવસો બાદ શહેરની રોનક વધી હતી.

### મફત વેક્સિન

● અનુસંધાન પહેલાનું ચાલુ

કિંમત ઉપરાંત એક ડોઝ પર વધુમાં વધુ ૧૫૦ રૂપિયા જ સર્વિસ ચાર્જ લઈ શકશે. જેની દેખરેખનું કામ રાજ્ય સરકારનું જ રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના સંકટને લઈને દેશને સંબોધિત કરતાં કહ્યું કે, આજે પણ દેશ આની સામે લડી રહ્યો છે. અમે પાછલા કેટલાક દિવસોમાં કોરોનાની બીજી લહેરની પીક જોઈ, જેમાં અમે મોટી સંખ્યામાં લોકોને ગુમાવ્યા છે. ઝડપથી મેડિકલ ઓક્સિજનની માંગ વધી હતી, જેના સપ્લાય માટે સેનાને પણ લગાવવામાં આવી. વિદેશોમાંથી પણ ઓક્સિજનની સપ્લાય કરવામાં આવી.

મોદીએ કહ્યું હતું કે, કોરોના વિશ્વમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં આવેલી સૌથી મોટી મહામારી છે. આવા સંકટનો સામનો છેલ્લા ૧૦૦ વર્ષમાં વિશ્વએ ક્યારેય કર્યો નથી. અમે દરેક આશંકાને દૂર કરતા ભારતે ૧ વર્ષની અંદર એક નહીં પરંતુ બે મેક ઈન ઈન્ડિયા વેક્સિન લોન્ચ કરી. આપણા દેશે, વૈજ્ઞાનિકોએ દેખાડી દીધુ કે ભારત મોટા-મોટા દેશથી પાછળ નથી. આજે હું તમારી સાથે વાત કરી રહ્યો છું ત્યારે દેશમાં ૨૩ કરોડ વેક્સિન ડોઝ આપવામાં આવી ચુક્યા છે.

### અનાજ મફત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હવે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત દિવાળી સુધી સભ્ય દીઠ વધારાના પાંચ કિલો મફત રેશન (ચોખા / ઘઉં) મળશે. એટલે કે, રેશનકાર્ડના સભ્ય પાસે દિવાળી સુધી કુલ ૧૦ કિલો રેશન રહેશે. આ સભ્ય દીઠ ૧૦ કિલો રેશનમાંથી માત્ર ૫ કિલો રેશનના પૈસા ચૂકવવા પડશે અને બાકીના ૫ કિલો રેશન મફત મળશે. આ રીતે, ૪ સભ્યોનાં નામે રેશનકાર્ડ ઉપર દિવાળી સુધી કુલ રાશન ૨૦ કિલોને બદલે ૪૦ કિલો રહેશે.

પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ના યોજનાની સહાયથી દેશના ૮૦ કરોડથી વધુ લોકોને નિઃ શુલ્ક અનાજ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારે મે અને જૂન મહિનામાં રેશનકાર્ડ ધારકોને વિના મૂલ્યે ૫ કિલો વધારાનું અનાજ (ચોખા / ઘઉં) આપ્યા હતા.

હવે મોદી સરકારે પીએમ ગરીબ કલ્યાણ અન્ના યોજનાને આ વર્ષે દિવાળી સુધી વધારી દીધી છે. અગાઉ આ યોજના જૂન સુધી લાગુ કરવામાં આવી હતી. છેલ્લી વખત પણ આ યોજના અમલમાં મૂક્યા બાદ દિવાળી અને છઠ સુધી લંબાવાઈ હતી.

પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના ગત વર્ષે કોરોના વાયરસની પ્રથમ લહેર દરમિયાન શરૂ કરવામાં આવી હતી, કે જ્યારે દેશભરમાં લોકડાઉન લાગુ કરવામાં આવ્યું હતું. ગરીબોને રાહત આપવા સરકારે એપ્રિલથી જૂન સુધીમાં ૮૦ કરોડથી વધુ રેશનકાર્ડ ધારકોને મફત રેશન આપ્યું હતું.